ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૧-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ગુનાખોરી સર્વવ્યાપક સમસ્યા છે


સલામતીની દૃષ્ટિએ આખા દેશમાં નંબર વન ગણાતા ગુજરાતમાં પણ હવે ધોળે દિવસે ફાયરિંગ સાથે લૂંટ થવા માંડી છે. અમદાવાદમાં શિવરંજની પાસે ઝવેરીને લૂંટી લેવાયો તે જોઇને તો એમ જ લાગે કે આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં તત્ત્વોને હવે પોલીસ કે સરકારની કોઇ જ બીક નથી રહી. નબીરાઓ બેફામ ઝડપે ઓડી કારો દોડાવતા નિર્દોષ પ્રજાજનોને કચડતા રહે છે. સલામતી કવચ હેઠળ ફરતા મંત્રીઓને આમ આદમીની આ દુર્દશાનો ખ્યાલ ન જ હોય કારણ કે એમની નજર ઊંચા નિશાનો ભણી જ રહ્યા કરે છે. પરંતુ ચૂંટણી સુધી એમની એવજીમાં આખા ગુજરાતમાં કાયદા અને વ્યવસ્થાનું તંત્ર સરખી રીતે સંભાળવાની જવાબદારી કોઇ સિનિયર મંત્રીશ્રીએ સ્વીકારવી પડે એવા વસમા સંજોગો સરજાઇ રહ્યા છે. જો શિવરંજની જેવા પોશ અને ધમધણતા વિસ્તારમાં ધોળે દિવસે લૂંટ થતી હોય તો દૂરવર્તી ગ્રામ્યવિસ્તારોમાં થતા ઘરફોડ ચોરી અને લૂંટના બનાવો પર નિયંત્રણ મેળવવાનું કેટલું કપરૂં બની રહે એ સમજી શકાય છે.

અમદાવાદ અને દિલ્હી વચ્ચે ફરક ન હે એવા દિવસો દૂર નથી. દિલ્હીને ક્રાઇમ કેપિટલનું બિરૂદ મળી જ ચૂક્યું છે. ગમે તેટલી ચોકસાઇ રાખવામાં આવે તો પણ ગુનાખોરીમાં ફરક નથી પડતો. એકાદ વરસ અગાઉ બનેલી ગેંગરેપની ઘટના પછીઆખી દિલ્હી રોડ ઉપર ઊતરી આવી હતી. દેશભરમાં એના પ્રત્યાઘાતો પડ્યા હતા. સરકારને 'રેપ'ની વ્યાખ્યા જ બદલી નાખવાની ફરજ પડી હતી. સજામાં પણ ધરખમ ફેરફાર કરાયો હતો. એ કેસ બન્યા પછી દેશભરમાં બળાત્કારના ગુના અટકી જવા જોઇતા હતા. પરંતુ એને ઠેકાણે વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે આવા કિસ્સાઓમાં કોઇ જ ફરક પડ્યો નથી. મકરસંક્રાતિના દિવસે જ ડેન્માર્કની એક સહેલાણી યુવતીને નવી દિલ્હીમાં સમી સાંજે ગેંગરેપનો ભોગ બનવું પડ્યું તે કેવી વિડંબના છે! લૂંટ, મારઝૂડ અને બળાત્કારના બનાવો સતત વધતા જ રહે છે. માણસને ગુનાઇત પ્રવૃત્તિ કર્યા વગર જાણે ફાવતું જ નથી, સોરવતું જ નથી. મુખ્યમંત્રી બદલાઇ જવાથી જનસુરત્રા સુધરી જતી હોય તો દિલ્હીમાં 'આપ'ની સિદ્ધાંતવાદી સરકાર આવ્યા પછી ગેંગરેપ જેવી ઘટનાઓ ન જ બની હોત. સરકાર આવી પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા માટે બનતા બધા જ પ્રયાસો કરતી હોય, છતાં પોલીસ એકલા હાથે ક્યાં ક્યાં પહોંચી વળે! એ ડાન્સબાર બંધ કરાવે કે લૂંટફાટ અટકાવે? જે પોલીસને ક્રૂર બનીને રસ્તો બ્લોક કરી દેનારી મહિલાઓ પર તૂટી પડતી જોઇ એના પ્રત્યે નફરત થાય છે એ જ પોલીસના નાક સામે કોઇ બેન્ક લૂંટાતી હોય છે, કોઇ યુવતીની લાજ લૂંટાતી હોય છે તો વળી કોઇ વેપારીને બંદૂકની અણીએ અપહરણ કરી લેવાતો હોય છે. પ્રજાને સલામતી જોઇએ છે. એને સુખેથી ઊંઘવું છે. પરંતુ શાસન એને આ મૂળભૂત અધિકારો ઉપલબ્ધ કરાવી શકતું નથી. શાસન આતંકવાદીઓ અને નકસલવાદીઓના હુમલા અટકાવી નથી શકતું. એ નેતાઓની સુરક્ષા જરૂર જાળવી જાણે છે. જો કે એમાં પણ ચૂક થઇ જાય ત્યારે એક સામટા ડઝનબંધ નેતાઓનો ખુરદો બોલાઇ જાય અને એમ છતાં એ કુકૃત્ય કરનારા નકસલીઓને ન તો રાજય સરકારની પોલીસ કશું કરી શકે કે ન સેના કંઇ કરી શકે! આ આપણું હિન્દુસ્તાન છે, જે 'રામભરોસે' ચાલતું રહ્યું છે અને ચાલતું રહેવાનું છે. ગુનાખોરીનો ચાર્ટ જોઇએ તો ગુજરાતમાં પણ દેશના અન્ય પ્રદેશો જેટલા જ ક્રૂર ગુનાઓ બનતા રહે છે. અહીં, પણ નરસંહારની કક્ષાનાં રમખાણો ઉપરાંત ઘરફોડ ચોરી, લૂંટ, ખૂન અને બળાત્કારની ઘટનાઓ બીજા પ્રદેશો જેટલી જ સંખ્યામાં બને છે. પરંતુ ગુજરાતની પ્રજા સહનશીલ છે. એથી અહીં આવી ઘટનાઓ વિરૂદ્ધ એવડો મોટો ઊહાપોહ નથી થતો.

# સે. ૨૨ ખાતે યુગ પુરુષ સ્વામી વિવેકાનંદ નાટક ભજવાયું

## સ્વામી વિવેકાનંદ સાર્ધ સતી સમારોહનું સમાપન

ગાંધીનગર, તા. ૧૫ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી



જન્મજયંતિ વર્ષનું સમાપન તા. ૧૨મી જાન્યુઆરીએ સે. ૨૨માં આવેલ રંગમંચ ખાતે 'યુગ પુરુષ સ્વામી



વિવેકાનંદ' નાટક દ્વારા થયું હતું. આ નાટકે ગુજરાત સરકાર દ્વારા એવોર્ડ મેળવેલ છે અને છેલ્લા કેટલાક સમયથી તેને સમગ્ર જિલ્લામાં વિવિધ ગામોમાં ભજવાઈ રહ્યું હતું જે છેલ્લે સ્વામી વિવેકાનંદ જયંતિએ જ ગાંધીનગરમાં તેને પ્રદર્શિત કરવામાં આવ્યું હતું અને સાર્ધ સતી સમારોહનું સમાપન કરાયું હતું.

યુવાઓમાં સંસ્કાર સિંચન થાય અને તેમને સારા વિચારો મળી રહે જેથી ઉચ્ચ કોટીનું ચારિત્ર્ય નિર્માણ થઈ શકે તે હેતુથી 'યુવક દિને' આ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટક અખતર સૈયદ દ્વારા નિર્દેશિત કરાયું છે જેને રાજ્ય સરકારનો એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. આ નાટકની રજૂઆત માટે ગાંધીનગરના વિખ્યાત પંચદેવ મંદિરના પુજારી ફૂલશંકર શાસ્ત્રી, સ્વામી નિર્વિકલ્પાનંદ, સેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી હસમુખરાય ઠાકર, ડૉ. ભરતભાઈ પટેલ, સ્વામી



વિવેકાનંદ સાર્ધ સતી સમારોહના સંયોજક બાબુભાઈ ચૌધરી, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, વરીષ્ઠ પત્રકાર-સાહિત્યકાર દોલત ભટ્ટ, ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ નીતિન પટેલ વગેરેએ હાજરી આપી દિપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાવ્યો હતો. આ નાટકથી સ્વામી વિવેકાનંદ સાર્ધ સતી સમારોહનું સમાપન કરાયું હતું.

સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ દેશભરમાં ૧૨મી જાન્યુઆરીએ 'યુવક દિન' તરીકે ઉજવાય છે. તેમજ ગત વર્ષ દરમ્યાન તેમની ૧૫૦મી જન્મજયંતિનું વર્ષ હોવાથી સમગ્ર રાષ્ટ્રમાં તેની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી.

જેમાં ગુજરાત સરકારે વિશેષ કાર્યક્રમો આયોજિત કર્યા હતા. જેમાં 'વિવેકાનંદ યાત્રા'નો પણ સમાવેશ થાય છે. આ નાટક દ્વારા સ્વામી વિવેકાનંદનો સંદેશ ઘર ઘરમાં કાસ કરીને યુવાનોમાં ફેલાય તે હેતુથી તેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો અનેક દેશપ્રેમી નાગરિકોએ લ્હાલો લીધો હતો.

### સીએ ફાઈનલનું અમદાવાદનું ૪.૨૨ ટકા પરીણામ

# સીપીટીનું અમદાવાદ બ્રાન્ચનું ૪૦.૧૦ ટકા પરિણામ જાહેર

અમદાવાદ,૧૫

ધી ઈન્સ્ટિટ્યુટ ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા નવેમ્બરમાં લેવાયેલી સીએ ફાઈનલ, સીપીટીની પરીક્ષાનું પરીણામ આજે જાહેર કરાયું છે જે મુજબ સીએ ફાઈનલની પરીક્ષાનું અમદાવાદ બ્રાન્ચ ૪.૨૨ ટકા જ્યારે ઓલ ઈન્ડિયા લેવલનું ૩.૧૧ ટકા પરીણામ આવ્યું છે જ્યારે સીપીટીની પરીક્ષાનું અમદાવાદ બ્રાન્ચનું ૪૦.૧૦ ટકા ઓલ ઈન્ડિયાનું ૩૭.૬૧ ટકા પરીણામ આવ્યું છે. સીએ ફાઈનલમાં ટોપ ૫૦માં અમદાવાદ બ્રાન્ચના ૧૦ વિદ્યાર્થીઓ જ્યારે સીપીટીમાં ટોપ ટેનમાં અમદાવાદની એક વિદ્યાર્થીની ઝળકી છે. સીએ ફાઈનલની અમદાવાદ બ્રાન્ચનું પરિણામ મે મહિનાની પરીક્ષા કરતા ૬.૭૯ ટકા ઓછું આવ્યું છે જ્યારે ઓલ ઈન્ડિયાનું પરિણામ મે મહિનાની પરીક્ષા કરતાં ૬.૯૨ ટકા ઓછું આવ્યું છે. કુલ ૩૨૫૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦૧૬ વિદ્યાર્થીઓ પાસ થતા ૩.૧૧ ટકા પરીણામ આવ્યું છે જ્યારે સીપીટીની પરીક્ષામાં અમદાવાદની ૨૭૭૩ વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાંથી ૧૦૯૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે જ્યારે ઓલ ઈન્ડિયા લેવલે કુલ ૧૧૩૫૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૪૨૭૦૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા રહી હતી.

## જિલ્લા ક્રિકેટ ટીમનું સિલેક્શન કરાશે

ગાંધીનગર, તા. ૧૫

સિનિયર આંતર જિલ્લા વનડે ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાવાની છે, ત્યારે ગાંધીનગર જિલ્લા ક્રિકેટ ટીમ (સિનિયર)નું સિલેક્શન તા. ૧૮ અને ૧૯ જાન્યુઆરી સવારે ૮.૦૦ કલાકે સચિવાલય જીમખાના સે. ૨૧ ખાતે કરવામાં આવશે. ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ ઉપરોક્ત સ્થળ પર હાજર રહેવા જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...



લે આ ઉત્તરાયણની ફલશ્રુતિ ચાલીશ પક્ષીના મોત, ૫૭ માણસો દોરીથી ઘાયલ, ૭૧ ઊંચાઈ પરથી પડ્યા અને ૧૩૪ રોડ અકસ્માતથી ઘાયલ...

## સચિવાલય આંતર વિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

સચિવાલય કલ્યાણ સમિતિ અને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૭થી ૧૦ જાન્યુઆરી દરમિયાન વર્ષ ૨૦૧૩-૧૪ આંતર વિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. તાજેતરમાં સચિવાલય કલ્યાણ સમિતિ અને સમાન્ય વહીવટ વિભાગ દ્વારા કેરમ સ્પર્ધા યોજવામાં આવી હતી. તા. ૭ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં પુરુષ સિંગલમાં વિનોદકુમાર જોષી વિજેતા અને સુરેશ પરમાર ઉપવિજેતા થયા હતા તેમજ મહિલા સિંગલમાં પૂર્ણિમાબેન પીઠવા વિજેતા અને જયશ્રીબેન ભટ્ટ ઉપવિજેતા થયા હતાં.

જયારે ડબલ્સમાં ઈરફાન લાલીવાલા અને દશરથનાયી વિજેતા અને સુરેશ પરમાર અને ભૂપેન્દ્રસિંહ વાઘેલા ઉપ વિજેતા થયા હતા.

## વસ્ત્રાલ ખાતે યોજાયેલ ભરતી મેળાને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ : ૪૪૫ ઉમેદવારોને રોજગારી મળી

ગાંધીનગર, તા.૧૫

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા મણીનગર (વસ્ત્રાલ) અમદાવાદ ખાતે તા. ૨ થી ૪ જાન્યુઆરી દરમિયાન મહારોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં રોજગાર વાંચ્છુઓએ લાભ લીધો હતો.

રાજયમાં બેરોજગારીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે અમદાવાદ મણીનગરની આઈ.ટી.આઈ. ખાતે તા. ૨ થી ૪ જાન્યુઆરી દરમિયાન મહારોજગાર ભરતી મેળો યોજવામાં આવ્યો હતો.

ભરતી મેળામાં શહેર અને ગામડાના ૧૭૦૦ જેટલા રોજગાર વાંચ્છુઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૪૪૫ ઉમેદવારોને રોજગારી મળી હતી. આવેલ ઉમેદવારોને ફોર્ડ કંપનીમાં ૨૧૨, વોડાફોનમાં ૧૪૦, સંદેશ લી.માં ૧૦, અને એમરાલ્ડ હોન્ડામાં ૮૩ ઉમેદવારોનું સિલેકશન થયું હતું.

તાલીમ સંસ્થા દ્વારા યોજવામાં આવેલા ભરતી મેળાને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ હતી તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા મણિનગર (વસ્ત્રાલ)ના આચાર્યએ જણાવ્યું હતું.

## મ્યુનિ. તંત્ર દ્વારા ૧૦ વર્ષ બાદ કોઈ શાળાનું રિનોવેશન કરાશે

અમદાવાદ, ૧૫


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ આવેલ મહાવિનાશક ભૂકંપમાં દવસ્ત થયેલી મ્યુનિ. શાળાઓનું કેન્દ્ર સરકારની ટેકનિકલ ગ્રાન્ટની મદદથી રિનોવેશન કરવામાં આવ્યું હતું ત્યારે હવે એક દાયકા બાદ મ્યુનિ. તંત્રના હેરીટેજ વિભાગ દ્વારા ખાડીયામાં આવેલ મ્યુનિ. શાળાનું રિનોવેશન કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના ખાડીયા વિસ્તારમાં લાખા પટેલની પોળ, સાંકડીશેરીમાં ૭૦ વર્ષ જુની ગોરધનદાસ દલસુખરામ ચોકસી મ્યુનિ. શાળા છેલ્લા કેટલાક વર્ષોથી બંધ હાલતમાં પડી હતી. અવાવરૂ અને ઉપેક્ષીત એવી આ શાળા ધીમે ધીમે જર્જરીત મકાનમાં ફેરવાઈ ગઈ હતી.

# હુકમ મેરે આકા... વાત આધુનિક જીનની !!!

રૂ. ૯૯૯ માં જીતો એપલ આઈફોન ૫... ડોમેસ્ટિક ફ્લાઈટની ટીકીટ્સ પર ૨૫% ની ભારી છૂટ ... ફ્લાણી કંપનીની ૭૦૦૦ની કીમતની બ્યુટી કીટ- ફક્ત ૨૪૦૦ રૂપિયામાં જ.... તમારો ઈમેલ આઈડી જીત્યું છે ગોવામાં ૪ દિવસ અને ૩ રાતનું પેકેજ ફક્ત ૯૦૦ રૂપીઝમાં ... વગેરે વગેરે. ઈમેલનો રેગ્યુલર વપરાશ કરતા ઉપભોક્તાઓને આવા ઈમેલ્સની નવાઈ નહિ હોય. પહેલી નજરે બોગસ કે વાહિયાત લાગતા આવા ઈમેલ્સની પાછળ છુપાયેલું છે એક તગડું નેટવર્ક. મોટાભાગે સ્પામ ફોલ્ડરના હવાલે થતા આ ઈ-પત્રોને તમારા સુધી પહોચાડવા માં પણ એક અઝબ ગણતરી છે. જોયા વગર પણ ડીલીટ થતા આવા ઈમેલ્સની પાછળ છુપાયેલુ છે આધુનિક દુનિયાનું એક અનોખું બજાર. એક એવું સુપર માર્કેટ જેમાં તમે માગો એ મળે. તેલથી માંડી તવેરા સુધી... ફેશનરથી માંડીને ફોન સુધી... કપડાથી માંડીને કપબોર્ડ સુધી ... ટુંકમાં તમે માગો એ. અને એ પણ દુનિયાના કોઈ પણ છેડેથી. એકદમ લેટેસ્ટમાં લેટેસ્ટથી લઈ ને અમુક અપ્રાપ્ય અથવા તો અમુક જ જગ્યા એ મળતું હોય એ પણ તમારી સામે હાજર. ભલે ને તમે એનાથી લાખો કીલોમીટર દુર હોવ તો શું થયું? ડિસ્ટન્સ ડઝન્ટ મેટર બીડું...!!! વધુમાં વધુ તો એક અઠવાડિયામાં તમારી ઈચ્છાપૂર્તિ થઈ જ જાય. પેલો જાદુઈ ચિરાગ ઘસતા જ પ્રગટ થતા જીનની વાર્તા સાંભળી છે ને? હુકમ મેરે આકા કરતો બહાર નીકળતો એ જીન તમારી ઈચ્છા પૂરી કરવા સક્ષમ હતો . યાદ છે ને ? બસ તો આ પણ એવો જ જીન છે, ફર્ક એટલો છે કે આને આપને ઈ-જીન કહેવો પડે!!! વાર્તા વાળો જિન બોટલ માં થી બહાર આવતો હતો, આ તમારા કોમ્પ્યુટર/ટીવી કે મોબાઈલની સ્ક્રીનમાંથી ડોકાય છે. ઓકે ઓકે વાતમાં વધુ જીન આઈ મીન મોણ નાખ્યા વગર મૂળ મુદ્દા પર આવીએ, આ આધુનિક જીનનું નામ છ... ઈ-શોપીગ જેને આપણે ઓનલાઈન શોપિંગ તરીકે પણ પહેચાનતે હૈ!!!

૨૦૧૪ના પહેલા જ દિવસે અખબારોમાં આવેલા એક ટચુકડા સમાચાર પર બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું હશે. વેપાર ઉદ્યોગ મહામંડળ 'એસોચેમ' ના એક રીપોર્ટ મુજબ દેશમાં વર્ષ ૨૦૧૩માં ઓનલાઈન શોપિંગમાં ૮૮ ટકાનો જબરદસ્ત વધારો નોંધાયો છે. ફક્ત આપણા ભારત દેશની જ વાત કરીએ તો આ ઈ-શોપિંગ ના જીનનો કુલ વેપાર ૧૬ અબજ ડોલરના વકરા સુધી પહોચી ગયો છે. (૧ ડોલર = ૬૪.૫૦ રૂપિયા... ગણી લેજો). આ ઓનલાઈન બજાર ની પ્રગતી જોવી હોય તો આ વાચો - દેશમાં ૨૦૦૯માં ઓનલાઈન શોપિંગનું બજાર ૨.૫ અબજ ડોલર હતું અને ૨૦૧૧માં તે વધીને ૬.૩ અબજ ડોલર. મતલબ કે ૨૦૧૧ થી ૨૦૧૩ના બે વર્ષમાં આ સુપરમાર્કેટ એ અંદાઝે ત્રણ ગણી વૃદ્ધિ કરી. એવી ધારણા છે કે ૨૦૨૩ સુધીમાં આ માર્કેટ ૫૬ અબજ ડોલર સુધી પહોચી જશે યાની કે ૧૦ વર્ષમાં પાચ ગણી છલાંગ. દેશમાં સૌથી વધુ ઈ-ખરીદીમાં મુંબઈ ટોચ પર છે ત્યાર પછી દિલ્હી અને કલકત્તાનું નામ છે. જો કે અમેરિકા જેવા વિકસિત દેશમાં ઓનલાઈન ખરીદીનું પ્રમાણ ૬૫ % જેવું છે એની સરખામણીમાં આપણે હજુ પાપા પગલી ભરીએ છીએ એમ કહી શકાય. આપણે ત્યાં એક અહેવાલ મુજબ ઓનલાઈન શોપ્સના યુઝર્સની સંખ્યા લગભગ ૧ કરોડ જેવી છે જેમાં દર વર્ષે લગભગ ૩૦ % ના દરે વધારો નોંધાઈ રહ્યો છે. ધીમા પગલે પ્રગતી કરતુ ચોક્કસપણે આ છે ભવિષ્યનું સુપર માર્કેટ.

શું છે આ જાદુભરી નગરી? એવું શું છે આની સફળતાનું રહસ્ય? દુનિયાની વાત જવા દઈએ તો પણ એકલા ભારતમાં જ રોજ ના સેકડોના હિસાબે ઈ-શોપ્સ ખુલી રહી છે. ઓનલાઈન શોપીગ કરનારા આ સાઈટોના નામથી તો પરિચિત હશે જ છતાં આવો જોઈએ એવી થોડી જાણીતી વેબસાઈટ્સ. ઈબે, માય્ન્ત્રા , ઈન્ફીબીમ, ફ્લીપકાર્ટ, હોમ્શોપ ૧૮, નાપતોલ, ફ્યુચર બાઝાર, સ્નેપ ડીલ વગેરે વગેરે. ગુગલ માં જઈને ટાઈપ કરો તમારે જોઈતી ચીજ - વસ્તુનું નામ અને ખુલી જશે હજારો વેબસાઈટો કે જયાંથી તમે એ આસાનીથી ખરીદી શકો છો. લગભગ બધી જ ઈ-શોપ સબ બંદરકા વેપારીની જેમ બધું જ સેલ કરતી હોય છે . અને અમુક ઈ-શોપ્સ ચોક્કસ પ્રોડક્ટ કે વેચાણ માટે જ હોય છે.



વગેરે..વગેરે..

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

ઈ-શોપ્સની આવી જબરદસ્ત સફળતા પાછળનું સૌથી મહત્વનું કોઈ કારણ હોય તો એ છે ઈન્ટરનેટનો વધતો વ્યાપ. એક અંદાજ મુજબ ભારતમાં ૨૦ કરોડ ઘરોમાં ઈન્ટરનેટ પહોચી ગયું છે.૨૦ % ના ઉછાળા સાથે વધતા નેટ કનેકશનોએ એક ક્લિક પર થતા શોપિંગની ટકાવારી વધારવામાં બહુ મોટો ભાગ ભજવ્યો છે. ઘેર બેઠા, ગમે ત્યારે આરામથી કોઈ પણ પ્રકારની ભાગદોડ કર્યા વગર તમે મનગમતી ચીજનો ઓર્ડર મૂકી શકો છો, બસ જરૂર છે તમારા પાસે નેટ કનેક્શન હોવું જોઈએ. જો કે હવે તો આધુનિક સ્માર્ટફોનને લીધે મોબાઈલ પરથી પણ શોપિંગ કરી શકાય છે. યાદ કરો ફિલ્મની ટીકીટ બુક કરતા કેટલો પરસેવો વળી જતો? ટોકીઝ સુધી જવું, લાઈનમાં ઉભું રહેવું, ધક્કામુક્કી પછી પણ ટીકીટ ના પણ મળે એવું બનતું જયારે હવે એક જ ક્લિક પર કોઈ પણ ફિલ્મની કોઈ પણ સિનેમામાં ટીકીટ બુક કરી શકો ને એ પણ મનગમતી સીટની પસંદગીના ફાયદા સાથે. અસ્સલ આવું જ શહેરના કોઈ પણ પ્રખ્યાત રેસ્ટોરન્ટમાં ડીનર કે લંચ માટે ટેબલ બુક કરાવવા માટે લાગુ પડે છે. આજકાલની યે ભાગદોડ ભરી જીન્દગીમાં રીવાઈટલ લેતા હો છતાં પણ થાકી જવાતું હોય છે ત્યારે આ શુકુન વાળી શોપિંગ સફળ ના થાય તો જ નવાઈ.

બીઝી લાઈફ સ્ટાઈલમાં સમય કાઢવો મુશ્કેલ હોય છેને ઉપરથી વસ્તુઓ શોધવા માટે દર બદર આઈ મીન કે દુકાનથી દુકાન કે મોલથી મોલ ફરવું દર વખતે શક્ય નથી બનતું ત્યારે આવી શોપ્સ બહુ ઉપયોગી સાબિત થઈ રહી છે. કોઈ દુકાન કે મોલમાં જાવ તો બની શકે કે અમુક જ બ્રાન્ડ મળે જયારે અહિયા તો તમારી નજર સામે અનેકો બ્રાન્ડ અને વેરાઈટી નો ઢગલો હોય છે. અને તમારે જોઈતી વસ્તુ માટે અનેકો વિકલ્પ પણ ઉપલબ્ધ. બસ સર્ફ કરતા જાવ જુદી જુદી સાઈટ્સ, ચેક કરતા જાવ ભાવ અને ઓફરો, થોડી લગાવો તમારી અક્કલ અને કરો શોપિંગ સલામતીથી. શોપ કે મોલની સરખામણીએ અહી વસ્તુઓનું વૈવિધ્ય અનેક ગણું વધારે હોય છે ને ઉપરથી હોય છે હોમ ડીલીવરીનો આસન ઓપ્શન પણ. ભાંગતૂટ કે ના ગમતી વસ્તુને અમુક દિવસો પછી પાછી મોકલી શકવાનો વિકલ્પ પણ હવે તો ઉપલબ્ધ થતો જાય છે. ઔર ક્યા ચાહિયે કસ્ટમબરકો હેય ?!! પસંદ કરો વસ્તુ , મુવી ટીકીટ, રેસ્ટોરન્ટ ટેબલ કે ટેબ્લેટ કે ફોન, મુકો ઓર્ડર અને મેળવો તમારી વસ્તુ ઘરઆંગણે. નેટ કનેક્શનની સાથે સાથે પેમેન્ટ માટે ક્રેડીટ કે ડેબિટ કાર્ડ હોવું પણ જરૂરી છે જો કે હવે આપણે ત્યાં તો મોટા ભાગની ઈ-શોપ કેશ ઓન ડીલીવરીનો ઓપ્શન આપે જ છે એટલે એક ઝંઝટ ઓછી. એક બીજો વિકલ્પ પણ છે, ટેલીવિઝન પર આવતી ઈ-શોપ્સ ચેનલ્સ પરથી પ્રોડક્ટ પસંદ કરી ને ફોન દ્વારા મંગાવવાનો. જો કે આ સગવડ હજુ બહુ વિશાળ પાયે પ્રચલિત નથી થઈ અને ઓનલાઈન શોપ્સ જેટલી વીવીધતા પણ ઓછી જોવા મળે છે છતાં પણ ઘેર બેઠા ખરીદીનો આ પણ એક આધુનિક વિકલ્પ તો છે જ.

જો કે આખાય મામલામાં પીળું દેખાય એટલું બધું સોનું પણ નથી હોતું. સગવડની સાથે અગવડ પણ આવે જ અને ગામ હોય ત્યાં ધુતારા હોય જ એવા પુરાતન સિધ્ધાંત મુજબ ઈ-શોપિંગની પણ અમુક મર્યાદા છે અથવા તો એમ કહી શકાય કે એમાં પણ અમુક ધ્યાન રાખવા જેવા મુદ્દા તો છે જ. કોઈ ગુજરાતી દ્વારા ચલાવાતી ગુજરાત ની એક માત્ર ડેઈલી ડીલ આપતી શોપિંગ સાઈટ 'ધુમખરીદી' શરુ કરનાર દુબઈ સ્થિત ધર્મેશ વ્યાસના કહ્યા મુજબ ઓનલાઈન શોપ્પીગ કરતી વખતે અમુક મુદ્દાઓ યુઝરે ધ્યાન રાખવા જોઈએ. જેમ કે કોઈ પણ ઓનલાઈન શોપીગ વેબ સાઈટમાં ખરીદી પહેલા જો એ બહુ પ્રખ્યાત વેબસાઈટ ના હોય તો, એનું "About us" અને બીજી વિગત વાંચવી, શક્ય હોય તો એના કોન્ટેક્ટ નંબર કે ઈમેઈલ ઉપર સંપર્ક કરીને અમુક પ્રાથમિક માહિતી મેળવી લેવી, કોઈ વેબસાઈટ પર ધાર્યા કરતા સસ્તા માં કોઈ પ્રોડ્કટ મળતી હોય તો ૫૦ વખત વિચાર કરો અને શક્ય હોય ત્યાં સુધી એ પ્રોડક્ટ યુઝ્ડ તો નથી ને એ જોઈ લેવું ,કોઈ પણ ઓનલાઈન પેમેન્ટ કરતા પહેલા યુ.આર.એલ.માં (https) જોઈ લેવું અને શક્ય હોય તો કોઈ જાણીતા પેમેન્ટ ગેટ વે જેવા કે સીસીએવેન્યું , એસબીઆઈ, આઈસિઆઈસિઆઈ જેવ પેમેન્ટ ગેટવે દ્વારા લેવાતા પેમેન્ટ ઉપર ભરોસો કરવો. આમ જરા સી સાવધાનીથી ચીટીગથી બચી શકાય છે . હાલમાં જ ઓનલાઈન શોપ્સ પર બનાવટી વસ્તુઓ વેચતા પકડાયેલી હતી અને જે તે ઉત્પાદકોએ તે સાઈટ્સ પર કાનૂની કાર્યવાહી પણ કરેલી. અમુક સાઈટો પરના ગેરકાયદે ડિસ્કાઉન્ટ દુર કરવા માટે પણ કાર્યવાહી કરવામાં આવેલી .જો કે આવા બનાવો જે તે ગ્રાહકની સમજદારીથી અટકી શકે છે અને એના માટે પણ ઉપર કહ્યા એ મુજબના અમુક મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે જ. હવે તો મોટા ભાગના ઉત્પાદકો જ પોતાનો ઓનલાઈન સ્ટોર ચલાવે છે જયાં બનાવટ કે છેતરપીડી ની કોઈ શક્યતા જ રહેતી નથી.

બધી જ મર્યાદા સાથે ચોક્કસપણે ઈ-શોપિંગ એ એકવીસમી સદીનું સૌથી વધુ વિકસતું બઝાર છે. એપલનો આઈફોન કે લોટ્ટોના લેટેસ્ટ શુઝ, પહેલા જ દિવસે પહેલા જ શો ની 'જય હો'; ની ટીકીટ્સ કે શહેરમાં થનાર મ્યુઝીકલ કોન્સર્ટના પાસ, વિશ્વના કોઈ પણ ખૂણે રમાનારી ટેનીસ, ક્રિકેટ કે ફૂટબોલ જેવી રમતો ની મેચ ટીકીટો, ભારતથી લઈ ને વિશ્વના કોઈ પણ દેશ માં પ્લાન કરેલી ટુર માટે પ્લેનની ટીકીટ થી લઈ ને હોટેલ્સ સુધીનું બુકિંગ અને કશું જ જાતે ના કરવું હોય તો યાત્રા કે મેક માય ટ્રીપ જેવી સાઈટ પર ઉપલબ્ધ પેકેજીસ. આ કે આવું અનેક કરો સિલેક્ટ એક ક્લિક પર અને હાજર છે આપની સમક્ષ એ ચીજ કે એ પ્રવાસ. અથવા તો લગ્ન દીવસ કે જન્મદિવસ પર કરો ઓર્ડર કોઈ પ્રિયજન માટે ફૂલો નો ગુલદસ્તો કે હીરાજડિત જવેલેરી, જસ્ટ લોન્ચ બેસ્ટ સેલર બુક ને ખોળી કાઢો એક જ ક્લિક પર ...લીસ્ટ લાંબુ છે અને નેવર એન્ડીગ છે કેમ કે યહાં પે સબ કુછ મિલતા હૈ. છે ને સુપર માર્કેટ. ભારતમાં ૨૦૧૩માં થયેલા ઈ-શોપિંગ માં શોપિંગ કરનાર ૩૫ % વ્યક્તિઓ હતા ૧૮-૨૭ વર્ષના જૂથના. મતલબ યંગ જનરેશન આ સરળ, માથાકૂટ વગરની અને વિશાળ વીવીધતા અને પસંદગીની તકો આપતી નવી સુપર માર્કેટ ને બહુ જલ્દી ઓળખી ગયા છે. અને ભારતમાં ૩૫ વર્ષથી નીચેના લોકોની સંખ્યા નોંધપાત્ર રીતે ખુબ જ ઉચી છે એ જોતા આ ઈ-શોપિંગની હરણફાળ ૨૦૨૩માં પાચ ગણી નહિ પણ અનેક ગણી હશે એમાં બધા જ એક ક્લીકે સહમત છે જ!!! બસ ખાલી માઉસને ઘસીને કોમ્પ્યુટરની સ્ક્રીન પર પ્રગટ કરવાનો છે આ ઈ-જીનને અને માંગવા માંડો વીશ...!!!

*રીમાઈન્ડર :*

*નવેમ્બર ૨૦૧૩ સુધી માં ૧૦૦૦ કરોડ ની આવક કરનાર ઈ-કોમર્સ સાઈટ ઈન્ફોબીમ ના સ્થાપક - માલિક વિશાલ મેહતા અમદાવાદી છે.*